# મોડાસાની વીજ કચેરીમાં દંડની પાવતી ન આપનાર કેશિયરનું ટેબલ બદલાયું

## અધિકારીઓએ ગળામાંથી ગાળીયો કાઢ્યો..!

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૩

મોડાસાની યુ.જી.વી.સી.એલ. કચેરીમાં ગામડામાંથી કોઈપણ કારણસર બંધ વીજ કનેક્શન શરૂ કરવા દંડ ભરપાઈ કરનાર ગ્રાહકોને ફરજ પરના કેશિયર મૌલિક ગોર દ્વારા પાવતી આપવામાં આવતી ન હોવાના અહેવાલ તા.૯ના રોજ એકમાત્ર ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થતાં તંત્રના અધિકારીઓમાં હડકંપ મચ્યો હતો. કેશિયર સામે થયેલી ફરીયાદો બાદ હરકતમાં આવેલા અધિકારીએ તાબડતોબ કેશિયરનું ટેબલ બદલાવી નાખ્યું છે. દંડની પાવતી ન આપવામાં કર્મચારીએ મોટું કૌભાંડ આચર્યુ હોવાની દહેશતને પગલે અધિકારીઓએ હાલ ગળામાંથી ગાળીયો કાઢી નાંખ્યો હોય તેમ દંડની કામગીરીમાંથી કર્મચારીને ટેબલ ઉપરથી બદલ્યો પરંતુ અત્યાર સુધી જે ખોટું થયું તેની જવાબદારી કોની?

અરવલ્લીના મોડાસા ગ્રામ્ય વીજતંત્રની કચેરી હર હંમેશ ચર્ચામાં રહેતી આવી છે. અધિકારીઓનો અન્ય કર્મચારીઓ ઉપર કોઈ પ્રભાવ ન હોય તે રીતે મરજી મુજબ કામગીરી થતી હોવાના આક્ષેપ છે. બોગસ મીટરો લગાવા મુદ્દે વીજતંત્ર હજું પણ આક્ષેપો સહન કરી રહ્યું છે ત્યાં મોડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ગ્રાહકોમાં દંડ ભરવા છતાં વીજ કચેરીઓમાં કેશિયર પાવતી આપતા ન હોવાની બૂમ ઉઠી હતી જેમાં મોડાસા તાલુકાના દાવલી નવા પંથકના ગ્રાહકોએ આ મુદ્દે મોડાસા ગ્રામ્ય યુ.જી.વી.સી.એલ.ના જવાબદાર અધિકારીઓનું ધ્યાન દોર્યું હતું પરંતુ મૌખિક રજુઆતને અધિકારીઓએ ગણકારી ન હતી પરંતુ આ અંગેના અહેવાલ પ્રસિદ્ધ થયા પછી યુ.જી.વી.સી.એલ.ની કચેરીમાં દંડની પાવતી ન આપવાનો મુદ્દો ચર્ચામાં આવ્યો હતો જેથી અધિકારીઓ દ્વારા તાત્કાલિક ધોરણે દંડ વસુલનાર કેશિયરને અન્ય કામગીરી સોંપી દેવામાં આવી છે. કેટલાંક ગ્રાહકોને દંડ ભર્યા પછી પાવતી આપવામાં આવી નથી તેની ઉંડી તપાસ કરવાને બદલે અધિકારીઓ દ્વારા કેશિયરનું ટેબલ બદલી નાંખવામાં આવતા આ મુદ્દો પણ ગામડાના ગ્રાહકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

# પાલડી પ્રાથમિક શાળામાં ટૂથ પેસ્ટ કીટનું વિતરણ




બાયડ તા.૧૩

શેરી શાળા વર્ગ દરમિયાન પાલડી પ્રાથમિક શાળામાં ધોરણ ૧થી૮ માં અભ્યાસ કરતા તમામ (૧૧૮)બાળકોને વૈશ્વિક મહામારી કોરોના વાયરસ અંતર્ગત જાયન્ટ્સ ગૃપ ઓફ બાયડ ધ્વારા અને શાળા ના મુખ્ય શિક્ષક ધર્મેશ એન સોની ના સહયોગ થી બ્રશ, ટુથ પેસ્ટ, ઉલીયું ની કીટ આપવામાં આવી. તથા બ્રશ કઈ રીતે કરવું અને કેમ કરવું જોઈએ તેની સમજ બાળકો ને આપવામાં આવી. પાલડી ગ્રામજનો એ શાળા ના મુખ્ય શિક્ષક ધર્મેશ સોની અને શાળા પરિવાર તથા જાયન્ટસ ગૃપ ઓફ બાયડ ના પ્રમુખ ડૉ દેવમ્ સોની તથા જાયન્ટ્સ સભ્યો નો આભાર માન્યો હતો અને સેવાકીય કાર્ય ની સરાહના કરી હતી.

# અરવલ્લીમાં મિશન મંગલમાં મોટા પાયે અમંગળ...!!

## સખી મંડળના નામે છાતીનાં પાટીયાં બેસી જાય તેવો ભ્રષ્ટ્રાચાર

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૩

અરવલ્લી જીલ્લામાં જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી ધ્વારા ચલાવવામાં આવતા મિશન મંગલમ યોજનામાં મોટા પાયે અમંગળ થયાની ફરીયાદ છે. બાયડ તાલુકામાં મિશન મંગલમ યોજનામાં છાતીનાં પાટીયાં બેસી જાય તેવો ભ્રષ્ટ્રાચાર આચરાયો હોવાના આક્ષેપ બહાર આવી રહ્યા છે. સખી મંડળના નામે વિઓ અને તેમના મળતીયા અધિકારી કર્મચારીઓએ લાખો રૂપિયાનો ભ્રષ્ટ્રાચાર આચર્યો હોવાની લેખિત ફરીયાદ ઉચ્ચ કક્ષાએ થઈ છે. જેમાં તાજેતરમાં કોરોના સંક્રમણ દરમ્યાન માસ્ક અને ઉકાળા વિતરણના બોગસ બિલો રજુ કરાયાની વિગતો જાહેર થઈ છે. જીલ્લામાં છેલ્લા ઘણા સમયથી મિશન મંગલમમાં સખી મંડળોનું કલ્યાણ થયું નથી. પરંતુ અધિકારીયોનું મંગળ થયુ હોય તેવું દેખાઈ રહ્યુ છે.

નવરચિત અરવલ્લી જીલ્લામાં પ્રજા હિતની સરકારી યોજનાઓમાં સરકારી અધિકારી યેનકેન પ્રકારે ભ્રષ્ટ્રાચાર આચરવામાં સફળ રહેતા હોય છે. સરકારી યોજનાથી પ્રજાનો વિકાસ ન થયો હોય તેટલો વિકાસ ભ્રષ્ટ્ર અધિકારીઓનો દેખાય છે. જીલ્લામાં સખી મંડળોના માધ્યમથી મહિલાઓને આર્થિક શશક્ત બનાવી મહિલા સમુહો પગભર થાય તેવા આશયે જીલ્લા તેમજ તાલુકાની ગ્રામ વિકાસ એજન્સીઓના માધ્યમથી સખી મંડળોને સહાય આપવામાં આવે છે. પરંતુ વિઓ સહિતના અધિકારીઓ તેમાં ભાગ બટાઈ કરી મોટો ભ્રષ્ટ્રાચાર આદરી રહ્યાની ગંભીર ફરિયાદ ઉઠી છે. બાયડ તાલુકામાં મિશન મંગલમ યોજનામાં સામેલ સખી મંડળોનું આર્થિક શોષણ થયું રહ્યું છે. જેમાં અધિકારીઓ સખી મંડળોના નામે બિલો મુકી ખિસ્સાં ભરતાં હોવાની ફરીયાદ બહાર આવી છે. જીલ્લામાં અત્યાર સુધીમાં સખી મંડળના નામે કેટલી સહાય ફાળવવામાં આવી કયા કયા સખી મંડળોને સરકારી સહાયનો લાભ આપવામાં આવ્યો છે. તેની તટસ્થ તપાસ થાય તો જીલ્લામાં આચરવામાં આવેલા મિશન મંગલમના ભ્રષ્ટ્રાચારનો પર્દાફાસ થશે. જિલ્લામાં ૧૦ સખી મંડળ ભેગા કરી એક સમૂહ બનાવ્યા પછી આર્થિક ઉદ્યોગ માટે રૂા.૭,૦૦,૦૦૦ ની સરકારમાંથી સહાય ચુકવવામાં આવે છે પરંતુ તેઓની ચોક્કસ રકમ અધિકારીઓ બારોબાર ચાઉ કરતા હોવાના ગંભીર આક્ષેપો શરૂ થયા છે. સખીમંડળમાં જોડાયેલી મહિલાઓ આર્થિક રીતે સધ્ધર થઈ નથી પરંતુ કેટલાંક અધિકારીઓ મિશન મંગલમ્ માં ખોટું કરીને લાખોના આસામી બની ગયા છે ત્યારે ઉચ્ચ કક્ષાએથી જિલ્લામાં મિશન મંગલમ્ યોજના અંતર્ગત થયેલ કામગીરી અને સરકાર તરફથી ચુકવવામાં આવેલ સહાય વગેરેની તપાસ થાય તો સખી મંડળોના નામે ચાલતા મસમોટા ભ્રષ્ટ્રાચાર ઉઘાડો પડી શકે છે.

# પ્રાંતિજ ખાતે BSNL પ્રાંતિજ અને યશ લેસરના સંયુક્ત ઉપક્રમે સુપર હાઈ સ્પીડ ફાઈબર બ્રોડબેન્ડનો પ્રારંભ

પ્રાંતિજ તા.૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે BSNL તથા યશ




લેસર પ્રાંતિજના સંયુક્ત ઉપક્રમે અત્યાધુનિક ફાઈબર ટેક્નોલોજી સુપર હાઈ સ્પીડ બ્રોડબેન્ડ સર્વિસનો શુભારંભ કરવામા આવ્યો હતો.

પ્રાંતિજ ખાતે પ્રાંતિજ BSNL અને યશ લેસર પ્રાંતિજ ના સંયુક્ત ઉપક્રમે આધુનિક ફાઈબર ટેકનોલોજી પર ૨૦૦ Mbps સુપર ફાસ્ટ સ્પીડ સાથે અમયાર્દિત ડાટાની તથા સમસ્ત ભારતમાં કોઈપણ નેટવર્ક પર ૨૪ કલાક ફ્રી કોલીંગ ની ટેલી કોમ્યુનિકેશન સેવા ઉપલબ્ધ સાથે સુપર હાઈસ્પીડ ફાઈબર બ્રોડબેન્ડ સર્વિસ પ્રાંતિજ સહિત તાલુકાના લોકોને હવે મળશે જેને લઈને આજથી આ સેવાનો પ્રારંભ પ્રાંતિજ BSNL ઓફિસ ખાતે હિંમતનગરથી DGM વી.એમ.દેઓલીકર દ્વારા સેવાનો શુભારંભ કરાવ્યો હતો તો આ પ્રસંગે હિંમતનગરથી AGM બી.એમ.રાજપુત, હિંમતનગરથી JTO બી.એ.સુવેરા, તલોદના JTO ધર્મેન્દ્ર ભાઈ, વિનયભાઈ, ઈડરના JTO યોગેશભાઈ, પ્રાંતિજ ના JTO પંકેશભાઈ સુથાર, TIP યશ લેસરના હિતેશભાઈ મોદી અને ઓપટ્રોનીકસ પ્રા.લી.અમદાવાદ ના વિમલભાઈ સોની સહિત પ્રાંતિજના BSNL ગ્રાહકો સહિત નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

**૨૦૦ Mbps સુપર ફાસ્ટ સ્પીડ સાથે અમર્યાદિત ડાટા : ભારતમાં કોઈપણ નેટવર્ક પર ૨૪ કલાક ટેલીફોન સેવા : નેટ વાપરતા ગ્રાહકોમાં ખુશી જોવા મળી**

# ધનસુરા જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતના કોંગ્રેસના ઉમેદવારોએ ફોર્મ ભર્યા

ધનસુરા, તા. ૧૩

ધનસુરા જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયત ના કોંગ્રેસ ના ઉમેદવારો એ ફોર્મ ભર્યા હતા સ્થાનિક સ્વરાજ ની ચૂંટણી હોઈ ધનસુરા જિલ્લા પંચાયત ના ઉમેદવાર સચિન અરવિંદભાઈ પટેલ તેમજ ધનસુરા તાલુકા પંચાયત-૧ ના ઉમેદવાર શિલ્પાબેન લિમ્બચિયા,ધનસુરા તાલુકા પંચાયત-૨ ના ઉમેદવાર રેખાબેન ખાંટ એ ટેકેદારો સાથે ફોર્મ ભર્યા હતા કોગ્રેસ ના ઉમેદવારો એ



ધનસુરા ચાર રસ્તા કાર્યાલય થી તાલુકા પંચાયત અને મામલતદાર ખાતે ફોર્મ ભર્યા હતા. પક્ષ ના મેન્ડેડ મળતા કોગ્રેસ ના ઉમેદવારો એ ફોર્મ ભર્યા હતા ચૂંટણી ફોર્મ ભરવાની અંતિમ તારીખ હોઈ ટેકેદારો સાથે ફોર્મ ભર્યા હતા.

# ડીસાના રાણપુર ગામે રેતીની ગેરકાયદેસર થતી હેરાફેરી અટકાવવા આવેદન

ડીસા, તા. ૧૨

ડીસાના રાણપુર નદીના પટ માંથી ગેરકાયદેસર રીતે થતી રેતીની હેરાફેરી અને રોયલ્ટી ચોરી અટકાવવા મામલે રાણપુર ગ્રામજનોએ ડીસા નાયબ કલેકટરને આવેદનપત્ર પાઠવી રજુઆત કરી હતી.

બનાસકાંઠાના ડીસા પંથકમાં કિંમતી એવી બનાસ નદીની રેતીની સમગ્ર રાજ્યમાં મોટી માંગ રહે છે જે કિંમતી રેતીની મોટા પાયે હેરાફેરી અને રોયલ્ટી ચોરી થતી હોવાની બુમો લાંબા સમયથી ઉઠવા પામી છે. મોડી રાત્રે અને વહેલી સવારે નિયમ વિરુદ્ધ નદીના પટમાં ખનન કરી




હેરાફેરી કરવાનું નેટવર્ક લાંબા સમયથી ચાલી રહ્યું જેના પગલે રાણપુર વચલા વાસના ગ્રામજનોએ ખનન માફિયાઓ વિરુદ્ધ નાયબ કલેકટરને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી. આ બાબતે ગ્રામજનોએ જણાવ્યું હતું કે અમારા રાણપુર ગામની સીમમાં આવેલી બનાસ નદીના પટમાંથી ખનન માફિયાઓ દ્વારા મોટા પાયે રેતી ચોરી કરવામાં આવી રહી છે અને આ હેરાફેરી બેરોકટોક ચાલી રહી છે છતાં અધિકારીઓ દ્વારા આ ખનન માફિયાઓને છાવરતા હોવાથી તેઓને કોઈનો પણ ડર રહ્યો નથી. જેથી સતત રેત ભરેલા ડમ્પરો દોડતા હોઈ આ બાબતે સરપંચ અને ગ્રામજનો દ્વારા ટ્રકો રોકાવી પૂછપરછ કરવામાં આવતા ઉડાઉ જવાબો આપવામાં આવે છે અને આ બાબતે મહિલા સરપંચ ઉપર હુમલો કરવાની કોશિશ પણ કરવામાં આવી હતી આ બાબતે ગ્રામજનો દ્વારા મામાલદારને ટેલિફોનિક જાણ કરતા સર્કલ ઓફિસર દોડી આવ્યા હતા પણ તેમની હાજરીમાં જ રેતીની રોયલ્ટી વગર જતી ટ્રકો ખાલી કરવામાં આવી હતી જોકે બેફામ બનેલા આ ખનન માફિયા વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે ગ્રામજનોએ નાયબ કલેક્ટરને આવેદનપત્ર પત્ર પાઠવી ઉગ્ર રજુઆત કરી હતી.

## ચુંટણી જંગ

# જિલ્લાની પ્રા.શાળાના શિક્ષકોને ચુંટણી કામગીરીના ફરજમાંથી બીજા દિવસે મુક્તિ આપવા રજુઆત

## રાજ્ય શિક્ષણ વિભાગ સમક્ષ રજુઆત થઈ

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૩

જિલ્લામાં તા.૨૮ ફેબ્રુઆરીએ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની સામાન્ય ચુંટણી યોજાવાની છે જેમાં જિલ્લાના ૯૦૦૦થી વધુ પ્રા.શિક્ષકોને ચુંટણીલક્ષી કામગીરીમાં સામેલ કરવામાં આવશે. તા.૨૭ ફેબ્રુઆરીથી ચુંટણીનું સાહિત્ય લઈને પ્રા.શિક્ષકો મતદાન મથકોએ પહોંચશે અને મતદાન પુરૂ થયા પછી તા.૨૮ ફેબ્રુઆરીએ રાત્રે ઈ.વી.એમ. મતપેટી સુપ્રત કરી તા.૧ માર્ચના રોજ ઘરે પહોંચશે. જેથી સામાન્ય ચુંટણીમાં ફરજ બજાવનારા પ્રા.શાળાના શિક્ષકોને બીજા દિવસે ફરજમાંથી મુક્તિ આપવામાં આવે તેવી રાજ્યના પ્રા.શિક્ષણ વિભાગ સમક્ષ રજુઆત કરવામાં આવી છે.

ચુંટણી પર્વ આવે એટલે વહિવટી તંત્રની મુશ્કેલી આસાન કરવામાં પ્રા.શિક્ષકોનો સિંહ ફાળો હોય છે છતાં શિક્ષકના કોઈ પ્રશ્નોનો નિવેડો લાવવાનો હોય તો પ્રા.શિક્ષકોને તાબાના અધિકારી અને ખુદ વિભાગ ગણકારતો નથી. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકાના ૨૨૦૦ જેટલા મતદાન મથકો ઉપર મતદાન યોજાવાનું છે આ માટે પ્રિસાઈડીંગ ઓફિસર, આસિસ્ટન્ટ પ્રિસાઈડીંગ ઓફિસર, પોલીંગ ઓફિસર, મહિલા પોલીંગ ઓફિસર તરીકે પ્રા. શિક્ષકોને નિયુક્તિ કરવામાં આવી છે ચુંટણીમાં પ્રા.શિક્ષકોને ૨-૩ દિવસ અગાઉ ચુંટણીની ફરજમાં જોડાયેલા હોય છે તથા ચુંટણીના દિવસે ચુંટણીની સામગ્રી રિસીવીંગ સેન્ટર ઉપર જમા કરાવી રાત્રે મોડા ઘરે પહોંચતા હોય છે. શિક્ષક પણ આખરે માનવી છે તેમને પણ આરામ જોઈએ જેથી પ્રા.શિક્ષકોને ચુંટણીની કામગીરીના બીજા દિવસે શાળામાં ફરજ પર આવવામાંથી મુક્તિ આપવામાં આવે તેવી શિક્ષક સંઘના આગેવાનોએ રજુઆત કરી છે.

# હિંમતનગરમાં જુની વૈશાલી સિનેમા રોડ ઉપરથી મારુતિ કારમાંથી ૨૦૦ બોટલ વિદેશી દારૂ સાથે અમદાવાદના શખ્સની ધરપકડ

## રૂ.૨૭,૦૮૦નો દારૂ અને કાર મળી રૂ.૧,૦૭,૦૮૦નો મુદ્દામાલ પોલીસે કબજે

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૩

હિંમતનગરમાં જુની વૈશાલી સિનેમા રોડ ઉપરથી એલ.સી.બી.પોલીસે બાતમી આધારે વોચ રાખીને મારુતિ કારમાંથી ૨૦૦ બોટલ વિદેશી દારૂ સાથે અમદાવાદના એક શખ્સની ધરપકડ કરી રૂ.૨૭,૦૮૦નો દારૂ અને કાર મળી રૂ.૧,૦૭,૦૮૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.




સાબરકાંઠા લોકલ ક્રાઈમ બ્રાન્ચ. સાબરકાંઠા જિલ્લામાં પ્રોહીબીશનને લગતા ગુન્હાઓને અંકુશમાં લેવા તથા શોધી કાઢવા માટે ડીએસપી નીરજ કુમાર બડગુજ અને એલસીબી પીઆઈ.મહિપતસિંહ ડી.ચંપાવતની સૂચના અન્વયે પો.સ.ઈ. જે.આર. દેસાઈ તથા પો.સ.ઈ. બી.યુ. મુરીમા તથા એલ.સી.બી. સ્ટાફના માણસો હિંમતનગર ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કો રાજેશકુમારને ખાનગી રાહે હકીકત મળેલ કે, હિંમતનગર થી ખેડ તસિયા રોડ તરફથી એક સફેદ કલરની મારૂતિ સુઝુકી એક ઈસમ ભારતીય બનાવટનો વિદેશીદારૂ લઈ નીકળેલ છે અને હિંમતનગર તરફ આવે છે .

આવી ચોક્કસ બાતમી હકીકત મળતા હિંમતનગર જૂની વૈશાલી સિનેમાની આગળ રોડ વોચ ગોઠવતાં મારુતિ કાર આવતાં એને ઉભી રખાવી તલાશી લેતાં તેમાંથી ગાડીમાં પાછળની સીટના નીચેના ભાગે તથા પાછળના બન્ને બાજુના દરવાજાના ભાગે ગુપ્ત ખાનામાં સંતાડેલ વિદેશી દારૂની બોટલ નંગ-૨૦૦ કિ.રૂ.૨૭,૦૮૦/-ની મળી આવી હતી.

આ ગુનામાં ગાડી ચાલક વિશાલ લખમીચંદ ધનામલ ઝુમાણી (રહે-સી-વોર્ડ-૧૩૩-કુબેરનગર અમદાવાદ) વિરુદ્ધ પ્રોહિએકટ કલમ ૬૫એઈ,૧૧૬બી,૯૮(૨)૮૧,૮૩ મુજબનો ગુનો નોંધી કુલ રૂ.૧,૦૭,૦૮૦નો મુદ્દામાલ કબજે લઈ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે

# પ્રાંતિજમાં હાર્ડવેરની દુકાનમાંથી ગઠિયો વેપારીને ૨૭૦૦૦નો ચુનો લગાવી ગયો

પ્રાંતિજ તા.૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના હાર્ટ સમાન એપ્રોચરોડ ઉપર આવેલ નિર્માણ શોપીંગ સેન્ટર મા આવેલ એક હાર્ડવેર ની દુકાન માથી એક ગઠીયો તરકીબ અપનાવી વેપારી ને ૨૭૦૦૦ હજાર નો ચુનો લગાવી રફુચક્કર થઈ જતા વેપારી દ્વારા પોલીસ ફરિયાદ.




મળતી માહિતી મુજબ પ્રાંતિજના એપ્રોચરોડ રોડ ઉપર આવેલ નિર્માણ શોપીંગ સેન્ટરમા આવેલ હાર્ડવેરની દુકાન મા એક ગઠીયો ગ્રાહક ના વેશમા આવી વેપારી ની દુકાને આવી વેપારી પાસે દુકાન મા રહેલ પાણી ની પાઈપ ના બે બડલ લીધા અને વેપારી તે દરમ્યાન ૫૦૦ ની નોટો ગણી રહ્યો હતો ત્યારે વેપારી ને વાતો મા લઈ ને પોતે પ્રાંતિજ અષ્ઠ વિનાયક સોસાયટી માથી આવ્યો હોવાનુ ઓળખ આપી વેપારી ને કર્યુ કે આ ૫૦૦ ની નોટો જેટલી હોય તે મને આપો હુ તમને ૨૦૦૦ ની નોટો આપુ તેમ કહીને વાતો વાતો મા વેપારી પાસે થી ૨૭૦૦૦ હજાર ની લઈ કર્યુ કે આ બે પાઈપ ના બડલ અને આ પૈસા તમને આપી દઉ મારી પાછળ તમારા માણસ ને બેસાડી દો અને ધરે થી તમારા માણસ ને આ બે બડલ ના અને આ ૨૭૦૦૦ હજાર આપી દઉ તે કહેતા વેપારી ભોળવાઈ ગયો હતો અને નોકર ને ગઠિયા ના બાઈક પાછળ મોકલ્યો હતો તો ગઠીયો આગળ જઈ સોસાયટી આવતા વેપારી ના માણસ ને નીચે ઉતારી ને કર્યુ આ મારા મકાન આગળ પાઈપ ના બડલ મુકી દે અને વેપારી નો માણસ પાઈપ ના બડલ મુકવા ધર આગળ ગયો ને બાઈક ચાલક ગઠીયો બાઈક લઈ ને છૂમંતર થઈ ગયો તો વેપારી નો માણસ પાછળ દોડ્યો હતો પણ ગઠિયો ભાગી ગયો અને દુકાને આવી ને વેપારી ને જાણ કરતા વેપારી ને છેતર્યા હોવાનો એહસાસ થતા તાત્કાલીક પ્રાંતિજ પોલીસ ને જાણ કરી હતી તો પ્રાંતિજ પોલીસ તાત્કાલીક ધટના સ્થળે દોડી આવી હતી અને દુકાન મા લાગેલ સીસીટીવી ફૂટેજ ના આધારે તપાસ હાથધરી હતી.

# ઈડરમાં ભાજપના તમામ ઉમેદવારોએ વિજયી શુભ મૂહર્તમાં ફોર્મ ભર્યા

ઈડર. તા.૧૩

ઈડર તાલુકા અને જિલ્લા પંચાયત ના ઉમેદવારોની યાદી જિલ્લા ભાજપ ધ્વરા જાહેર કરી તેના ઉમેદવારોને જેતે બેઠકો માટે ઉમેદવારી ફોર્મ ભરવા સાવરથીજ ધારાસભ્ય કાર્યાલય ખાતે ઉમેદવારો પોતાના ટેકેદારો સાથે આવી પહોંચ્યા હતા જ્યાં તાલુકા પંચાયતની ૨૮ બેઠકો અને જિલ્લા પંચાયત ની ૭ બેઠકો માટે એક સાથે ઉમેદવારી નોંધાવવા કાર્યાલય થી રેલી સ્વરૂપે ડીજે ના તાલે નિકરી જિલ્લા પંચાયત ના ઉમેદવારો પ્રાંત કચેરીએ અને તાલુકા પંચાયત ના ઉમેદવારો મામલતદાર અને તાલુકા પંચાયત ખાતે ઉમેદવારી નોંધાવી,

ગઈ કાલે ભાજપે તેના જિલ્લા અને તાલુકા પંચાયતના ઉમેદવારો ના નામ જાહેર કરી અગાઉ ચાલતી બધી અટકળો પર પૂર્ણ વિરામ મૂકી આજે બપોરના વિજય મુહરત માં દલજીતનગર ખાતેના ધારાસભ્ય કાર્યાલય પર કાર્યકર્તા ઓ અને ઉમેદવારોને ધારાસભ્ય હિતુ કનોડિયા ધ્વરા અને ઈડર ભાજપના વિવિધ આગેવાનો ધ્વરા માર્ગદશન આપી કાર્યાલય થી રેલી સ્વરૂપે ધારાસભ્ય સાથે



સંગઠન ના હોદેદારો,ઉમેદવારો અને કાર્યકર્તાઓ અને ટેકેદારો ડીજેના તાલે રેલી સ્વરૂપે નિકરી ઉમેદવારી ફોર્મ ભર્યા હતા.

# ડીસામાં વધુ એક બાઈકની ઉઠાંતરી

ડીસા, તા. ૧૩

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસામાં વાહન ચોર ટોળકીના તરખાટ વચ્ચે શહેરના વિશ્વકર્મા નગર ખાતેથી વધુ એક બાઈકની ઉઠાંતરી થવા પામી છે. ડીસામાં છેલ્લા ઘણા સમયથી વાહન ચોર ટોળકી અવારનવાર દાવ અજમાવી રહી છે. જેમાં પણ બાઈકોની વધુ પ્રમાણમાં ચોરી થઈ રહી છે. ત્યારે વધુ એક બાઈકની ચોરીની મળતી વિગતો મુજબ શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ વિશ્વકર્મા નગરમાં રહેતા ચિરાગભાઈ પંચાલે રાબેતા મુજબ રાત્રે પોતાનું બાઈક (નં. જીજે ૮ એએમ ૬૩૯૮) ઘર



આગળ પાર્ક કર્યું હતું. દરમ્યાન રાતના સુમારે અજાણ્યા તસ્કરો બાઈક ચોરી ગયા હતા. વહેલી સવારે ઉઠેલા ચિરાગભાઈ પંચાલે બાઈક ન જોતા શોધખોળ હાથ ધરી હતી પરંતુ બાઈકની ભાળ મળી ન હતી. તેથી ચોરાયાનો અહેસાસ થતા આ બાબતે તેમણે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ દક્ષિણ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. જેથી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ઈડર તાલુકાના ઔડા ગ્રામ પંચાયતના મહિલા તલાટીને જાનથી મારી નાખવાની ધમકી આપી

ઈડર તા.૧૩

ઈડર તાલુકાના ઔડા ગ્રામ પંચાયત ના મહિલા તલાટી એ ગામના એક શખ્સ ના છેલ્લા સાત વર્ષનું પંચાયત નું લેણું બાકી હોઈ તેને ભરવાની વાત કરતા ઉશ્કેરાયેલા ઈસમે મહિલા તલાટીની જાનથી મારી નાખવાની તથા તમે રસ્તા માં એકલા અપ, ડાઉન કરો છો તો તે વખતે ગમે તે થઈ શકે છે તેવી ધમકી ઓ આપી પોતાની પત્ની પાસે મહિલા તલાટી ઉપર હુમલો કરાવવવાની કોશિશ કરવામાં આવી હતી જે અંગે ઔડા ગામના મહિલા તલાટી ધ્વરા જાદર પોલીસ સ્ટેશનમાં આપેલ અરજી મુજબ ઔડા ગામના ગજેન્દ્ર બારોટ પોતાના કામે પંચાયત માં આવેલ તે સમયે મહિલા તલાટી એ તેમનું છેલ્લા સાત વર્ષનું કરવેરા લેણું બાકી હોય તે ને ભરપાઈ કરવાનું કહેવામાં આવ્યું તો ગજેન્દ્ર બારોટ એકદમ ઉશ્કેરાઈ જઈ તમે એકલાજ અપ, ડાઉન કરો છો તો કાઈ પણ હોઈ શકે છે તથા સાથે આવેલ તેમની પત્ની પાસે તલાટી ઉપર હુમલો કરવાની કૌશિશ કરી તેમની સાથે બિભસ્ત વર્તન કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા મહિલા તલાટી ધ્વરા જાદર પોલીસ ,ઈડર પ્રાંત અધિકારી ,મામલતદાર અને તાલુકા પંચાયત ખાતે લિખિત જાણ કરી ઈસમ સામે કાયદેસર ની કાર્યવાહી કરવા જણાવાયું છે

**છેલ્લા સાત વર્ષના બાકી નીકળતા કરવેરા ના લેણ ભરવા કહેતા ઈસમ ઉશ્કેરાઈ જઈ પોતાની પત્ની પાસે તલાટી ઉપર હુમલો કરાવવાની કોશિશ કરી**